# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 2-12-2024 Evening : 7.50 to 8.00
Day : Monday National News

## આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

*****************************************************

1) ચાલુ શિયાળુ સત્રમાં સંસદની કાર્યવાહી સુચારૂરૂપે ચાલે અને ખોરવાય નહીં તે માટે સરકાર અને વિરોધ પક્ષો સહમત.
2) સતત પાંચમા દિવસે લોકસભા અને રાજ્યસભા આજે દિવસભર માટે મોકૂફ.
3) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે વૈશ્વિક ભાગીદારીની જરૂરિયાત પર ભાર મૂકતા સામૂહિક અભિગમની માંગ કરી.
4) દેશમાં એક દાયકામાં મેડિકલ કોલેજની સંખ્યા બમણી થઈને 780 થઈ.
5) પુરુષોની હોકી જુનિયર એશિયા કપ 2024માં, ભારત આવતીકાલે સેમિફાઇનલમાં મલેશિયા સાથે ટકરાશે.

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PARLIAMENT---OM-BIRLA

ચાલુ શિયાળુ સત્રમાં સંસદની કાર્યવાહી સુચારૂરૂપે ચાલે અને ખોરવાય નહીં તે માટે સરકાર અને વિરોધ પક્ષો સહમત થયા છે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આજે બપોરે સંસદ ભવનમાં વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન શ્રી બિરલાએ તમામ સભ્યોને ગૃહની કાર્યવાહી

અવિરત રીતે ચાલવા દેવા વિનંતી કરી હતી. બેઠકમાં, નેતાઓ લોકસભાની કાર્યવાહી અવિરત ચાલે તે સુનિશ્ચિત કરવા સહમત થયા હતા.

આ બેઠકમાં કોંગ્રેસના ગૌરવ ગોગોઈ, તૃણમૂલ કોંગ્રેસના કલ્યાણ બેનર્જી, તેલુગુ દેશમ પાર્ટીના લવુ શ્રી કૃષ્ણ દેવરાયાલુ, દ્રવિડ મુનેત્ર કઝગમના ટી.આર. બાલુ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના સુપ્રિયા સુલે, સમાજવાદી પાર્ટીના ધર્મેન્દ્ર યાદવ, જનતા દળ યુનાઈટેડના દિલેશ્વર કામૈત, રાષ્ટ્રીય જનતા દળના અભય કુશવાહ, શિવસેના-ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેના અરવિંદ સાવંત અને કે. રાધાકૃષ્ણને ભાગ લીધો હતો.

સંસદ ભવન બહાર પત્રકારો સાથે વાત કરતા સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે આ મહિનાની 13 અને 14 તારીખે લોકસભામાં બંધારણના મુદ્દા પર વિશેષ ચર્ચા થશે. તે જ સમયે, આ ચર્ચા રાજ્યસભામાં 16 અને 17 ડિસેમ્બરે થશે. તેમણે કહ્યું કે બેઠકમાં હાજર નેતાઓએ સંસદના બંને ગૃહોની સુચારૂ કામગીરીમાં સહકાર આપવાની ખાતરી આપી હતી. ત્યાર બાદ તેમણે વિપક્ષી સાંસદો અને નેતાઓને સંસદની કાર્યવાહીને અવરોધ વિના આગળ વધવા દેવા વિનંતી કરી હતી.

**Ls -rs**

લોકસભા અને રાજ્યસભા આજે દિવસભર માટે મોકૂફ રાખવામાં આવી હતી. એક વેપારી જૂથ સામે કથિત લાંચના આક્ષેપો અને ઉત્તર પ્રદેશમાં સંભલ હિંસા સહિતના અનેક મુદ્દાઓ પર વિપક્ષના હોબાળાને પગલે આજે સતત પાંચમા દિવસે બંને ગૃહોમાં કોઈ ચર્ચા થઈ શકી નથી.

બપોરે 12 વાગ્યે રાજ્યસભાની બેઠક શરૂ થયા બાદ વિપક્ષી સભ્યોએ પોતાનો વિરોધ ચાલુ રાખ્યો હતો. હોબાળા વચ્ચે અધ્યક્ષ જગદીપ ધનખડે પ્રશ્નકાળ શરૂ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ સભ્યોએ હંગામો શરૂ કર્યો. જે બાદ અધ્યક્ષે ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરી દીધી હતી.

સવારે લોકસભાની બેઠક શરૂ થયા પછી, શ્રી ધનખડે વિપક્ષી સાંસદો દ્વારા આપવામાં આવેલી સ્થગિત નોટિસને ફગાવી દીધી હતી. રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે ગૃહમાં વિક્ષેપ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

## REV.-JAISHANKAR-CII

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે વૈશ્વિક ભાગીદારીની જરૂરિયાત પર ભાર મૂકતા સામૂહિક અભિગમની માંગ કરી છે વિશ્વ અનેક સ્તરે જટિલ પડકારોનો સામનો કરી રહ્યું છે.ત્યારે નવી દિલ્હીમાં CII ભાગીદારી પરિષદમાં સભાને સંબોધતા, વૈશ્વિક અર્થતંત્રમાં ચાલી રહેલા પરિવર્તન તરફ ધ્યાન દોર્યું અને ભાર મૂક્યો કે આ પડકારોનો સામનો કરવા માટે માત્ર વ્યક્તિગત રાષ્ટ્રીય પ્રયત્નો કરતાં વધુ જરૂરી છે.

. યુક્રેન સંઘર્ષ, અમેરિકા -ચીન ઘર્ષણ અને વૈશ્વિક દક્ષિણમાં ફુગાવો, દેવું અને ચલણના મુદ્દાઓનો ઉલ્લેખ કરતા, ડૉ. જયશંકરે વધુ સહયોગની જરૂરિયાત પર ભાર મૂક્યો. ડૉ. જયશંકરે ભારત અને અમેરિકા વચ્ચે વધતા વ્યૂહાત્મક સંકલન પર પણ પ્રકાશ પાડ્યો, તેમણે કહ્યું કે બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધો સમય જતાં ગાઢ બન્યા છે, જેનાથી સહકાર માટે વધુ માર્ગો ઊભા થયા છે.

જેમ જેમ ભારત વૈશ્વિક સ્તરે તેના આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક સંબધો મજબૂત કરવાનું ચાલુ રાખે છે, ડૉ. જયશંકરે એક વિશ્વસનીય ભાગીદાર તરીકે તેની અપીલને વધારવા માટે દેશની ઉત્પાદન ક્ષમતાઓને વિસ્તૃત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

ડૉ. જયશંકરે વૈશ્વિક પુરવઠા શૃંખલા, ટેકનોલોજી વિકાસ અને ઔદ્યોગિક સંસ્કૃતિમાં ભારતની વધતી ભૂમિકાના વ્યૂહાત્મક મહત્વની રૂપરેખા આપી.

## MANSUKH MANDAVIYA

દેશમાં એક દાયકામાં મેડિકલ કોલેજની સંખ્યા બમણી થઈને 780 થઈ છે.

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીમાં પત્રકારોને કહ્યું છે કે નરેન્દ્ર મોદી સરકાર આરોગ્ય ક્ષેત્રને સસ્તું અને સુલભ બનાવી રહી છે. વર્ષ 2014માં દેશમાં 387 મેડિકલ કોલેજ હતી, પરંતુ એક દાયકામાં તેમની સંખ્યા બમણી થઈને 780 થઈ ગઈ. તેમણે કહ્યું કે આયુષ્માન પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ 70 વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોને મફત સારવારની સુવિધા પણ પૂરી પાડવામાં આવી છે.

## PM-VISIT--CHANDIGARH

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી ત્રણ નવા ગુના અંગેના કાયદાઓની પ્રગતિની સમીક્ષા કરવા આવતીકાલે ચંદીગઢની મુલાકાત લેશે. આ કાયદાઓ ભારતની ફોજદારી ન્યાય પ્રણાલીને સુવ્યવસ્થિત કરવા માટે કલ્પના અને અમલમાં મૂકવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ચંડીગઢ પહોંચે તેવી શક્યતા છે.

આ પ્રસંગે, પોલીસ નવા કાયદાના અમલીકરણ પછી કાયદાના અમલીકરણ, ન્યાયિક પ્રક્રિયા અને પુરાવા વ્યવસ્થાપનમાં થયેલા સુધારાને દર્શાવવા માટે જીવંત પ્રદર્શન કરશે. પ્રદર્શનમાં આઠ સ્ટેજ પ્રસ્તુતિનો સમાવેશ થશે. આ પ્રદર્શનોમાંથી એક સેક્ટર-12માં પંજાબ એન્જિનિયરિંગ કોલેજ કેમ્પસમાં થયેલી હત્યાની તપાસને આવરી લેશે.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## CYCLONE-FENGAL

ચક્રવાત ફેંજલની અસરથી મુશળધાર વરસાદને કારણે પુડુચેરીમાં ચાર લોકોના મોત થયા છે, અને બે લોકો ગુમ છે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે શોક વ્યક્ત કરતાં મુખ્યમંત્રી એન. રંગસામીએ મૃતકોના પરિવારજનોને 5 લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. ચોમાસાને કારણે ઊભી થતી સમસ્યાઓને ઓછી કરવા માટે તેમણે દરેક રેશનકાર્ડ ધારક માટે 5,000 રૂપિયાની રાહત રકમની પણ જાહેરાત કરી છે.

ભારે વરસાદને કારણે પુડુચેરી, કરાઈકલ અને યાનમમાં દસ હજાર હેક્ટરથી વધુ જમીન પરના પાકને નુકસાન થયું છે. સરકારે અસરગ્રસ્ત ખેડૂતોને પ્રતિ હેક્ટર ત્રીસ હજાર રૂપિયા વળતર તરીકે આપવાનું વચન આપ્યું છે. આ ઉપરાંત ચાર ખોવાયેલા ઢોર માટે ચાલીસ હજાર રૂપિયા, 16 મૃત વાછરડાઓમાંથી પ્રત્યેકને વીસ હજાર રૂપિયા, પચાસ ક્ષતિગ્રસ્ત બોટ માટે પચાસ હજાર અને 15 મકાનો માટે દસ હજાર રૂપિયા આપવામાં આવશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, 100 કરોડ રૂપિયાના અંદાજિત નુકસાનનો પ્રાથમિક અહેવાલ કેન્દ્ર સરકારને આર્થિક સહાય મેળવવા માટે મોકલવામાં આવ્યો છે.

શ્રી રંગસામીએ કહ્યું કે 551 લોકોને રાહત શિબિરોમાં ખસેડવામાં આવ્યા છે. આ શિબિરોમાં 85 હજાર ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે. ચાર હજારથી વધુ જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે.

## **NAIK-AYUSH-ACHIEVEMENT**

આયુષ ક્ષેત્રે છેલ્લા 10 વર્ષમાં વૃધ્ધિ નોંધાતા તેનું બજાર વર્ષ 2023 સુધીમાં 43 અબજ અમેરિકન ડોલરને પાર કરે તેવી ધારણા છે. કેન્દ્રીય ઉર્જા અને નવીનીકરણીય ઉર્જા રાજ્ય મંત્રી શ્રીપદ નાઈકે કહ્યું છે કે સરકાર આયુષ ક્ષેત્રના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. શ્રી નાઈકે કહ્યું કે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ હવે વિશ્વભરના મહત્તમ દેશોમાં ઉજવવામાં આવે છે. તેમણે કહ્યું કે નિકાસ ક્ષેત્ર પણ વર્ષ 2014માં

લગભગ એક અબજ ડોલરથી વધીને વર્ષ 2023માં બે અબજ ડોલરથી વધુ થઈ ગયું છે

## ETHANOL BLENDING IN PETROL

સરકારે આજે જણાવ્યું હતું કે ગયા વર્ષે નવેમ્બરથી આ વર્ષે ઓક્ટોબર સુધીમાં પેટ્રોલમાં ઇથેનોલના મિશ્રણને પરિણામે સરકારને વિદેશી હૂંડિયામણમાં 28,400 કરોડ રૂપિયાથી વધુની બચત થઈ છે.

રાજ્યસભામાં એક લેખિત જવાબમાં, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ સ્પષ્ટતા કરી કે સરકારે ડીઝલમાં ઇથેનોલ મિશ્રણ માટે કોઈ કાર્યક્રમ શરૂ કર્યો નથી. તેમણે કહ્યું કે, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને, ડીઝલમાં ઈથેનોલના પાંચ ટકા મિશ્રણની કામગીરી અને ઉત્સર્જનનું મૂલ્યાંકન કરવા માટે 2022-23માં એક પ્રાયોગિક મૂલ્યાંકન કર્યું હતું.

## REV-HOCKEY---JUNIOR-ASIA-CUP

પુરુષોની હોકી જુનિયર એશિયા કપ 2024માં, ભારત આવતીકાલે સેમિફાઇનલમાં મલેશિયા સાથે ટકરાશે. મેચ મસ્કત, ઓમાનના સ્ટેડિયમમાં ભારતીય સમય મુજબ રાત્રે 8:30 વાગ્યે શરૂ થશે.

ગઈકાલે રાત્રે, ભારતે દક્ષિણ કોરિયાને 8-1થી હરાવી પૂલ Aમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું. અર્શદીપ સિંઘે હેટ્રિક ફટકારી હતી,

આવતીકાલે બીજી સેમિફાઇનલ પાકિસ્તાન અને જાપાન વચ્ચે રમાશે. વિજેતા ટીમ ટુર્નામેન્ટની ફાઇનલમાં પહોંચનારી પ્રથમ ટીમ બનશે.

પુરુષોની હોકી જુનિયર એશિયા કપની દસમી આવૃત્તિની ફાઈનલ મેચ બુધવારે રમાશે

## NAVAL CHIEF-NAVY DAY

નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠીએ જણાવ્યું છે કે ભારતીય નૌકાદળમાં આગામી 10 વર્ષમાં 96 જહાજ અને સબમરીન સામેલ કરવામાં આવશે. તેમણે કહ્યું કે, 62 જહાજો અને એક સબમરીન નિર્માણાધીન છે અને આવનારા વર્ષોમાં આત્મનિર્ભર અભિયાનના ભાગરૂપે ભારતીય નૌકાદળમાં વધુ જહાજો અને સબમરીનને સામેલ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેઓ આજે નવી દિલ્હીમાં માધ્યમોને સંબોધિત કરી રહ્યા હતા.

રાફેલ દરિયાઇ લડાકુ વિમાનને સામેલ કરવા અંગે એડમિરલ ત્રિપાઠીએ કહ્યું કે આ વિમાનના સંપાદનની પ્રક્રિયા અગ્રીમ તબક્કામાં છે. તેમણે કહ્યું કે, બે પરમાણુ સંચાલિત સબમરીન SSN માટે સરકારની મંજૂરી દેશની સ્વદેશી ક્ષમતામાં વિશ્વાસ દર્શાવે છે.

નૌકાદળના વડાએ કહ્યું કે, આ વર્ષે ઓડિશાના પુરીમાં આ મહિનાની 4 તારીખે નૌસેના દિવસની ઉજવણી કરવામાં આવશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

## WORLD-MARITIME-CONFERENCE

આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંમેલન ચાલુ વર્ષે  4 થી 6 ડિસેમ્બર દરમિયાન ચેન્નાઈમાં યોજાશે . આ સંમેલનમાં ડાયરેક્ટર જનરલ ઓફ શિપિંગ શ્યામ જગન્નાથન મુખ્ય અતિથિ હશે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વક્તા અને પેનલિસ્ટ ભવિષ્યના દરિયાઈ પ્રાકૃતિક દ્રશ્ય વિશે ચર્ચા કરશે. આ ચર્ચામાં અમેરિકા, બ્રિટન, જર્મની, સ્પેન અને એશિયા પેસિફિક દેશો ભાગ લેશે. ભારતમાં 15 વર્ષ બાદ આ સંમેલનનું આયોજન કરવામાં આવશે. આ સંમેલનમાં સમુદ્રના વર્તમાન પડકારો અને ભવિષ્યના વિવિધ વિકાસ અંગે ચર્ચા કરવામાં આવશે. આ સંમેલનમાં વિશ્વના ત્રણસોથી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે.

## LS-COUNTERFEIT-NOTES

સરકારે કહ્યું છે કે છેલ્લા પાંચ વર્ષમાં બનાવટી ચલણી નોટ પકડવાની સંખ્યા 3 લાખ 17 હજારથી ઘટીને લગભગ 2 લાખ 22 હજાર થઈ ગઈ છે. નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં એક લેખિત જવાબમાં કહ્યું છે કે વર્ષ 2023-24માં 500 રૂપિયાની 85 હજારથી વધુ નકલી નોટો અને રૂપિયા 2000ની 26 હજારથી વધુ નકલી નોટો જપ્ત કરવામાં આવી છે.